અપીલ અરજી નં.૩૪૨ તા.૨–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫/૧૨/૧૦ની અરજીથી અરજદારે સુરત મહાનગરપાલિકામાં તા.૧૯–૩–૦૭ ની જાહેરાતની અનુસંધાને ૨૧૮ ડ્રાઈવરોની નિમણુંકમાં ગેરરિતી, ભ્રષ્ટાચાર અને કૌભાડ આચરેલ હોવાનું જણાવી નિમણુંકની યાદીમાં ડ્રાઈવરોના લાયસન્સ અને ઉંમર બાબતેની ગેરરીતિની રજૂઆત કરી માહિતી માંગતી છ પાનાની ૯૦ મુદ્દા સમાવિષ્ટ કરતી અરજી બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨/૨/૧૧ ની અપીલ અરજી નં.**SMC/FAP/** ૩૪૨/૨૦૧૦ – ૧૧.

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫/૧૨/૧૦ની અરજીથી અરજદારે સુરત મહાનગરપાલિકામાં તા.૧૯–૩–૦૭ ની જાહેરાતની અનુસંધાને ૨૧૮ ડ્રાઈવરોની નિમણુંકમાં ગેરરિતી , ભ્રષ્ટાચાર અને કૌભાડ આચરેલ હોવાનું જણાવી નિમણુંકની યાદીમાં ડ્રાઈવરોના લાયસન્સ અને ઉંમર બાબતેની ગેરરીતિની રજૂઆત કરી છ પાનાની ૯૦ મુદ્દા સમાવિષ્ટ કરતી માહિતી માંગતી અરજી બાબતે માહિતી અપુરતી ,અયોગ્યઅને બોગસ આપેલ છે. તા.૧૦/૧/૧૧ ના રોજ રૂા.૩૦/–ભરવા છતાં આજરોજ સુધી માંગેલ માહિતીની નકલો આપેલ નથી એવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨/૨/૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ,આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે તેમનો પક્ષ રજુ કરવા તેમજ ભરેલ ફી સામે માહિતી આપ્યા – ન આપ્યાની વિગતો અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૮૭ તા.૧૦–૨–૧૧ થી પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મળેલ માહિતી સામે આક્ષેપ અંગે આધાર હોય તો તે રજુ કરવા જણાવવામાં આવે છે. વધુમાં મુળ અરજીના ૯૦ મુદ્દા પૈકી કયા મુદ્દા પરત્વે કઈ વિગતે નારાજગી છે તે પણ સ્પષ્ટ કરવા જણાવેલ. સાથે એ પણ સૂચિત કરવામાં આવેલ કે તકરાર નિવારણની બાબત હોય તો લાગત ખાતા/કક્ષાએ અલાયદી રજૂઆત કરવાની રહે છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ ઈએસટી/ આર/૧૪૯૭ તા.૧૮–૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક /૧૨૮૩ તા.૧૬–૧૨–૧૦ થી તબદીલ થયા અંગેના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૩૪૮ તા.૬–૧–૧૧ ના પત્રની નકલ, ક્રમાંક નં.૧/૭/૨૦૦૯/ આઈઆર/ ભારત સરકાર કર્મચારી વર્ગજાહેર ફરીયાદો અને પેન્શન મંત્રાલય કર્મચારી વર્ગ અને તાલીમ વિભાગ કચેરી યાદીની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/આર /૧૩૯૦ તા.૧૨–૧–૧૧ ના નકલો સહિતની માહિતી આપ્યાના પત્રની નકલ, તે યુપીસીથી મોકલ્યાના આધાર વિગરે રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૮–૨–૧૧ ના પત્રથી રજૂઆત કરેલ છે.

અરજદારની તા.૧૫–૧૨–૧૦ ની અરજીથી તા.૨૦–૧૦–૧૦ ની અરજી બાબતે પત્ર નં.જીએડી/ ઈએસટી/ આર /૧૨૧૭ તા.૪–૧૨–૧૦ થી આપેલ માહિતીમાં જનરલ ડ્રાઈવર–૮૫, શીડયુલ કાસ્ટના–૧૫, શીડયુલ ટ્રાયબલ –૨૮ અને ઈબીસીના –૯૦ ડ્રાઈવરોની નિમણુંકની મળેલી યાદી પરથી નિમણુંક ડ્રાઈવરોની સ્પષ્ટતાઓ અને પારદર્શિતા અંગેની માહિતીની નકલો બાબતે મુદ્દા નં.૧ થી ૩ માં અરજદારે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૨૮૩ તા.૧૬–૧૨–૧૦ થી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને મોકલવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૩૪૮ તા.૬–૧–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અપૂરતી, અયોગ્ય અને બોગસ માહિતી આપેલ છે તેવું જણાવી તા.૨–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. વધુમાં તા.૧૦–૧–૧૧ ના રોજ રૂા.૩૦/– ફી ભરવા છતાં માહિતીની નકલો આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. તેમજ અરજદારે તા.૧૮–૨–૧૧ ના પૂરક પત્રમાં હેવી વ્હીકલ લાયસન્સ જાહેરાતની છેલ્લી તારીખ તથા છેલ્લી તારીખ બાદના ડ્રાઈવરોની નિમણુંક કરેલ છે તેથી ભ્રષ્ટાચાર , ગેરરિતી અને આર્થિક કૌભાડ આચરવામાં આવેલ છે તેવી રજૂઆત કરેલ છે તેમજ રૂા.૩૦/– ભરપાઈ કરેલ પરંતુ માહિતી મળેલ નહીં તેવી રજુઆત કરેલ છે. પરંતુ અજદારે રજૂ કરેલ મુદ્દાઓમાં ૯૦ મુદ્દાઓ પૈકી કયા મુદ્દાઓ અંગે નારાજગી છે તે સ્પષ્ટ કરવા જણાવેલ પરંતુ તેમાં સફળ રહેલ નથી. તેમજ તકરાર નિવારણ બાબતે અલગ રજૂઆત કરવા જણાવેલ. તેવા શબ્દને અરજદારે બાલીશ ગણાવેલ છે. અરજદારે મુદ્દા નં.૧ થી શીડયુલ કાસ્ટના ડ્રાઈવરોના લીસ્ટના અનું. નં.૮,૯,૧૫,૧૭ ,૩૬,૩૭,૩૯,૪૩, ૬૨,૬૪,૬૫,૬૮,૮૦,૮૮,૮૯ ના જાતિ અંગેના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી

શીડયુલ કાસ્ટની યાદીમાંથી તમારા જણાવ્યા મુજબના કુલ –૧૫ ઉમેદવારોના જાતિ અંગેના પ્રમાણપત્રની નકલના નકલદીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૩૦/– જમા કરાવ્યેથી માહિતી માટે આગળની કાર્યવાહી કરવામાં આશે તેવું જણાવેલ. જેના સંદર્ભે અરજદારે રસીદ નં.૧૭૨૧૭૫ તા.૧૦–૧–૧૧ થી રૂા.૩૦/– ભરપાઈ કરેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં રૂા.૩૦/– જમા કરાવ્યા છતાં માહિતી મળેલ નથી તેવો દાવો કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ તા.૧૮–૨–૧૧ ના રોજ આપેલ પૂરક વિગતોમાં અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૩૯૦ તા.૧૨–૧–૧૧ ના રોજ તેવા ૧૫ ઉમેદવારીના જાતિ અંગેના સર્ટીફીકેટ મોકલી આપ્યાના પત્રની નકલ તથા ૧૫ ઉમેદવારોના જાતિ અંગેના પ્રમાણપત્રની નકલ તથા તા.૧૩–૧–૧૧ ના રોજ યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ પણ રજૂ કરેલ છે. આથી અરજદારે અપીલમાં કરેલા દાવાના સમર્થન મળતું નથી. મુદ્દા નં.(૨) અરજદારની તા.૧૮–૫–૧૦ ની અરજી અંગે જીએડી/ઈએસટી/આર/૪૫૮ તા.૧૪–૬–૧૦ ના પત્રથી એસ.સી (શીડયુલ કાસ્ટ) ખાલી જગ્યા ડ્રાઈવરોની જાહેરાતમાં નકારવામાં આવે છે તો પત્ર નં.જીએડી/ઈએસટી/૧૨૧૭ તા.૪–૧૨–૧૦ ના પત્રમાં કઈ રીતે સમાવેશ કરવામાં આવેલ છે તે અંગે માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને જણાવેલ છે કે જનરલ કેટેગરીમાં કોઈ પણ જાતિના ઉમેદવાર નિયત લાયકાત ધરાવતાં હોય તો તેઓ અરજી કરી શકે છે. આ બાબત તમારી સાથે ચર્ચા અગાઉ પણ રૂબરૂ કચેરીએ આવેલ ત્યારે કરવામાં આવેલ હતી તેવું જણાવેલ છે. આમ અરજદારને જનરલમાં શીડયુલ કાસ્ટના ડ્રાઈવરોનો કઈ રીતે સમાવેશ થાય તેની માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) જનરલ ડ્રાઈવરોની યાદીની નિમણુંક જેમાં ગેરરિતી ભ્રષ્ટાચાર અને કૌભાંડ આચરવામાં આવેલ છે તેવા ક્રમાંક નં.૧,૨,૩,૬,૧૪,૧૮,૨૦,૨૨,૨૪,૨૮,૩૧,૩૪,૩૬,૩૭,૪૦, ૪૪,૪૫,૪૬,૫૨,૫૪,૫૬,૫૮,૫૯,૬૯,૭૫,૭૬,૭૭,૭૮,૭૯,૮૧,૮૩,૮૪,૮૬,૯૨,૯૩,૯૪,૯૫,૯૬,૯૭, ૯૮ ,૯૯,૧૦૦ જણાવી બોગસ ડ્રાઈવીંગ સર્ટીફીકેટ હોવાની રજૂઆત કરેલ છે. નીચે જણાવેલ શીડયુલ ટ્રાયબલના ઉમેદવારોની યાદી ઉમેદવાર ડ્રાઈવરોની નિમણુંક કરવામાં આવેલ જેમાં નિમણુંક કરેલ છે જેના ક્રમાંક ૨,૪,૬,૭,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪ ,૧૫ ,૧૯,૨૨,૨૩,૨૫,૨૬,૨૭,૨૮ વ્હીકલ હેવી લાયસન્સ બાબતે રજૂઆત કરેલ છે. નીચે જણાવેલ ઈબીસી ઉમેદવારોની યાદીના ડ્રાઈવરોની નિમણુંક કરવામાં આવેલ છે જેમાં નિમણુંક કૌંભાડ છે તેવા ક્રમાંક ૧,૨,૩,૪,૮,૧૦,૧૨,૧૫,૧૬ ,૧૯,૨૦,૨૫,૩૦,૩૭, ૩૮,૩૯,૪૦,૪૫,૪૮, ૪૯,૫૧,૫૩,૫૪,૫૫,૫૬,૫૭,૫૮,૬૨,૬૩,૬૫,૬૬,૬૯,૭૨,૭૩,૭૪ ,૭૫,૭૭,૮૦,૮૧,૮૩,૮૪,૮૬,૮૮,૮૯,૯૦ જણાવેલ છે અને હેવી વ્હીકલ લાયસન્સ બોગસ હોવાનું તથા ક્રમાંક નં.૮૧ થી ૮૮ માં ઉંમર બાબતેની રજૂઆત કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જનરલ કેટેગરીના ૧ ,૬,૨૨,૨૦,૨૮,૩૧, ૩૬,૩૭,૫૨, ૪૫,૪૬ ,૫૪,૫૬,૫૮,૬૯,૭૫ થી ૭૯, ૮૧,૮૩,૮૪,૮૬,૯૩,૯૪,૯૫ થી ૯૭,૯૯ તેમજ શીડયુલ ટ્રાયબલ કેટેગરીના ૨,૪,૭,૯,૧૦,૧૨,૧૩ થી ૧૫ , ૨૨, ૨૩,૨૬ થી ૨૮, તેમજ ઈબીસી કેટેગરીના નં.૧ , ૧૨, ૧૫,૧૬, ૧૯,૩૦,૩૭ ,૩૮,૩૯,૪૫,૪૯,૫૪,૫૫,૫૭,૫૮,૬૩,૭૨,૭૩,૭૭,૮૯અંગે જણાવવાનું કે નોર્થ બ્લોક નવી દિલ્હીના તા.૧–૬–૦૯ ના પત્ર ક્રમાંક ૧/૭/૨૦૦૯/આઈ આર વંચાણે લેવા વિનંતી. વધુમાં રીક્રુટમેન્ટ કચેરીએથી તા.૧૯–૩–૦૭ થી આપવામાં આવેલ ડ્રાઈવરની જગ્યાની જાહેરાતમાં ઉંમર બાબતે પણ સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે અરજદારની વયમર્યાદા ૩૫ વર્ષથી વધુ નહીં અનામત જાતિના ઉમેદવારોને સરકારશ્રીના નિયમોનુસાર વય માર્યદામાં છુટછાટ રહેશે. સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં કર્મચારીઓને વય મર્યાદા લાગુ પડશે નહીં તેવું જણાવેલ છે. જાહેરાતમાં આપવામાં આવેલ હોય તેવી જ જે જે કેટેગરીની કુલ ખાલી જગ્યાઓ પૈકીના ઈબીસી કેટેગરીની યાદીના ક્રમાંક નં.૨૦,૨૪,૪૦,૫૧,૫૩,૭૪,૮૧,૮૩,૮૪,૮૬,૮૮, ના ઉમેદવારો અનામત જાતિના હોવાથી સરકારશ્રીના નિયમોનુસાર વધુ પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવેલ છે. જયારે જનરલ કેટેગરીની યાદીના નં.૩ તેમજ ઈબીસી કેટેગરીની યાદીની નં.૮ સુરત મહાનગરપાલિકાના કર્મચારી છે. જેથી વય મર્યાદા લાગુ પડે નહીં વિશેષમાં જણાવવાનું કે તમારા તરફથી કાઢવામાં આવેલ મુદ્દાઓ બાબતે ફરીવાર જણાવીએ છે કે ડ્રાઈવરની જગ્યા માટે આપવામાં આવેલ જાહેરાતમાં અનુભવ માંગવામાં આવેલ નથી પરંતુ હાઈડ્રોલીક યુનીટના જાણકારને પ્રથમ પસંદગી આપવામાં આવશે જે મુજબનો સ્પષ્ટ ઉલ્લેખ જાહેરાતમાં કરવામાં આવેલ છે. અને તમોએ પણ રીક્રુટમેન્ટ કચેરીએથી મુલાકાત દરમ્યાન ધ્યાન દોરવામાં આવેલ છે જેથી અનુભવના સર્ટીફીકેટ બોગસ છે વિગેરે બાબતે ફરીવાર જણાવવાનું રહે છે. કે ઉમેદવારને આપવામાં આવેલ માર્કસ માટે અનુભવ ધ્યાને લેવામાં આવેલ નથી. પરંતુ હેવી લાયસન્સ જેટલું જુનું હોય તેઓને અગ્રીમતા આપવામાં આવેલ છે. અને તેની માર્કીગ સીસ્ટમ પર અગાઉની અરજીઓ દરમ્યાન તમોને રીક્રુટમેન્ટ કચેરીએથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે જેનો અભ્યાસ માંગી લે છે આમ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે. વધુમાં અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી દરેક મુદ્દાના અને દરેક ડ્રાઈવરની નિમણુંક અંગેની કેટેગરીના અનુક્રમ મુજબ તા.૧૫–૧૨–૧૦ ની અરજી સબંધે વિગતવાર પ્રત્યુત્તર કરવામાં આવેલ છે.વધુમાં રજૂઆત તકરાર બાબતે હોય તો તે અંગે અપીલ તબકકે પણ આરટીઆઈ સેલ/૧૨૮૭ તા.૧૦–૨–૧૧ થી તકરાર નિવારણ બાબતે લાગત ખાતા કક્ષાએ રજૂઆત કરવાની રહે છે તેવું અરજદારને અપીલ તબકકે સૂચિત પણ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.તેમ છતાં તકરાર નિવારણ બાબત હોય તો તે અંગે અરજદાર લાગત ખાતાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) .....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,